જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૧/૨૦૧૯ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૧૯૭૯/૧૯

**ટ્રાફીક બ્રાંચ :**

## પ્રેસનોટ

તા.૨૩/૧૧/૨૦૧૯

તારીખ ૧૮/૧૧/૨૦૧૯ નારોજ ક. ૧૫/૦૦ થી ક. ૨૩/૦૦ સુધી વાડજ સર્કલ ખાતે અ.પો.કો. અખિલેશકુમાર સુભાષચંદ્ર બ.નં.૬૨૫૮ નોકરી- "બી" ટ્રાફિક પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર નાઓને ટ્રાફિક નિયમન તથા વાહન ચેકિંગ સારૂ વાડજ સર્કલ ખાતે ફરજ સોપવામાં આવેલ હતી જે ફરજ દરમ્યાન એક ડાર્ક ફિલ્મ લગાવેલ ફોરવ્હિલર રોકી ચાલકને ડાર્ક ફીલ્મ લગાવેલ જે સંબંધે પુછપરછ કરતા વાહન ચાલકે પોતે એ.સી.બી. બ્રાન્ચ અમદાવાદ શહેર ખાતે ફરજ બજાવતા હોવાનુ જણાવી એ.સી.બી. બ્રાન્ચ અમદાવાદ શહેરનુ આઇ.કાર્ડ રજુ કરેલ જે ટ્રાફીક પોલીસ કર્મચારીએ પોતાની સુઝબુધ્ધિ, આવડત અને સતર્કતાપુર્વક ખરાઇ કરી આઇ.કાર્ડ બનાવટી હોવાનુ પકડી પાડી વાહન ચાલક વિરૂધ્ધ વાડજ પો.સ્ટે.માં ઇ.પી.કો. કલમ-૧૭૦,૪૬૫, ૪૬૮,૪૭૧ મુજબ ફરીયાદ આપી કાયદેસર ગુનો રજીસ્ટર કરાવી નિષ્ઠાપુર્વક પોતાની ફરજ બજાવી પ્રશંસનીય કામગીરી કરેલ હોય જેથી **મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓએ ઉપરોકત ટ્રાફીક પોલીસ કર્મચારીને પ્રશંસારૂપે સન્માનપત્ર આપી બહુમાન કરેલ છે.**



<u>શહેરકોટડા પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૧ સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ડી" ડિવિઝન સાહેબના માર્ગદર્શન હેઠળ ૦ થી ૧૮ વર્ષના ગુમ/અપહરણ થયેલ બાળકોને સત્વરે શોધી કાઢવા સારૂ કરેલ સુચનાઓ મુજબ અમોએ તથા સે.પોલીસ ઇન્સ્પેકટર.શ્રી ડી.બી.ડાભી સાહેબનાઓએ ગુમ-અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા સારૂ આયોજન કરવામાં આવેલ અને ગુમ/અપહરણ થયેલ બાળકોના સગા-સબંધીઓનો સંપર્ક કરી તેમજ આ બાળકોના ઘરે જઈ તેમના માતા-પિતાના સંપર્કમાં રહી બાળકોને શોધવાના સતત પ્રયત્નો ચાલુ રાખતા શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુરનં-૩૦૩/૧૩ ઇપીકો કલમ ૩૬૩ મુજબ ના કામે ભોગ બનનાર અજય સ/ઓ નરેશસિંગ શ્રીચંદ જાતે-દિવાકર રહે.૩૨૧, રચના વિધાલય પાછળ, પ્રેમનગર (કૈલાશનગર), અમદાવાદ શહેર હાલ રહે.દુકાન નં.૨,જાનીયાપીરનો ટેકરો, વીંજોલ રોડ, વટવા, અમદાવાદ શહેર મુળવતન-ગામ-બીજપુરી, તા-ભીંડ, જી-ભીંડનાનો ગઈ તા. તા.૮/૯/૧૩ ના કલાક ૧૫/૦૦ વાગ્યે તેનુ અપહરણ થવા બાબતની તેના પિતા શ્રીએ શહેરકોટડા પો.સ્ટે ખાતે ફરીયાદ આપતા ગુનો દાખલ થવા પામેલ હતો જે સંદરભમાં તપાસ ચાલુ રાખતા આજરોજ તા.૨૨/૧૧/૨૦૧૯ ના રોજ ગુમ/અપહરણ થયેલ અજય નરેશસિંગ દિવાકર નાનો મળી આવેલ છે. આ બાળક સને-૨૦૧૩માં ગુમ થયેલ જે મળી આવતા તેના માતા-પિતા સાથે મિલન થતા ખુશીની લાગણી પ્રવર્તેલ હતી.



**નારોલ પોલીસ સ્ટેશન :**

**(૧)**

**કલોન કરેલા બનાવટી ATM/ડેબીટ કાર્ડ ઉપયોગ કરી આર્થીક ફાયદા સારુ ઠગાઇ કરતા ઇસમોને મુંબઇ થી અમદાવાદ આવતા દરમ્યાન પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૦૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ રોજ બરોજ અમદાવાદ શહેર મા ખોટા અને બનાવટી એ.ટી.એમ તથા માસ્ટર કાર્ડ બેન્ક/એ.ટી.એમ ગ્રાહકોની ઓળખ ચોરવાની અને છેતરપીન્ડી માટે કોમ્પ્યુટર માધ્યમ નો ઉપયોગ કરી આર્થીક ફાયદા સારુ ઠગાઇ કરવાના હેતુ થી બનતા ગુનાઓ અટકાવવા સારુ હકિકત આધારે મળેલ ખાનગી બાતમી થી તા.૨૨/૧૧/૧૯ ના કલાક. ૧૯/૪૫ વાગે લાભા ટી પાસે થી મુબઇ થી અમદાવાદ ઉપરોકત બનાવટી અને ખોટા એ.ટી.એમ માસ્ટર કાર્ડનો જથ્થો લઇ આવનાર બે ઇસમઓ જેમા આરોપી અજયસિંહ સ/ઓફ કવરસિંહ રીસાલસિંહ દહીયા (જાટ) ઉ.વ ૪૮ રહે.હરીયાણા તથા ભુપેંદ્રસિંહ સ/ઓફ રાજવીરસિંહ શેરસિંહ જાટ ઉ.વ ૩૭ રહે. હરીયાણા નાઓ બન્ને ઇસમોએ જુદી જુદી બેન્કના કલોન કરેલા ATM  તથા બ્લેન્ક કાર્ડ પર ગ્રાહકોના ડેટા ઇન્સર્ટ કરીને બનાવેલા કલોન ATM/ડેબીટ કાર્ડને ઇલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા પાસવર્ડ તથા ગ્રાહકના નંબરો લખી ગ્રાહકો સાથે ઠગાઇ કરવા ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવી ઠગાઇ કરવાના ઇરાદે તે બનાવટી દ્સ્તાવેજને ખરા તરીકે ઉપયોગ કરવા તેમજ ઓળખ ચોરવાની તેમજ અસલ ગ્રાહકોને છેતરવા માટે કોમ્પ્યુટર માધ્યમનો ઉપયોગ કરી એટીએમ કાર્ડ/ડેબીટ કાર્ડ બનાવી પોતાના આર્થીક ફાયદા સારૂ  ગુજરાત અમદાવાદમા મોકલી આપી મોબાઇલ ફોન તથા અન્ય ચીજ વસ્તુઓ તથા એ.ટી.એમ/માસ્ટર કાર્ડ નંગ.૪૫ તથા ૧ કેમેરાની બેટરી તથા ૧ મોબાઇલ ફોન સહીતના મુદામાલ સાથે ગુનાહીત કૃત્ય કરવાના ઇરાદે ઉપરોકત બન્ને જણા ઉપરોકત બનાવટી વસ્તુઓ સાથે મળી આવતા પકડાઇ ગયેલ હોય તેઓ વિરુધ્ધ નારોલ પો.સ્ટે ફ.ગુ.ર.નંબર. ૨૦૯/૧૯ ઇપીકો.ક.૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી તથા આઇટી એકટની કલમ ૬૬ (સી) તથા ૬૬ (ડી) મુજબ ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી ચાલુ છુ.

**(૨)**

**તિરૂપતિ એસ્ટેટ ગોડાઇન નં ૧૦ ની બાજુમાં સિડી પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૦૮ આરોપીઓને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે ૯૮,૫૩૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે જુગારનો કેસ શોધી કાઢતી નારોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૬ સાહેબ તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ શહેર વિસ્તારમાં જુગારની તથા પ્રોહિબીશનની પ્રવુતિ નેસ્ત નાબુદ કરવાની સુચના આધારે નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓ ના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ જે.બી.રાઠોડ તથા પ્રો.પો.સ.ઇ એસ.એ.કુલધારા તથા પો.કો રોહીતસિંહ રામસંગજી બનં ૧૨૫૨૬ તથા પો.કો રાજદિપસિંહ દીવાનભા બનં ૧૮૭ તથા પંકજસિંહ ધનશ્યામસિંહ બ.નં- ૧૧૬૧૧ વિગેરે સ્ટાફના માણસો નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૯/૦૦ વાગ્યે સુપ્રિમ હોટલ પાસે આવતા સાથેના પો.કો રાજદિપસિંહ દીવાનભા ને ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે તિરૂપતિ એસ્ટેટ ગોડાઇન નં ૧૦ ની બાજુમાં સિડી પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ગોળ કુંડાળુ વળી મોબાઇલ ટોર્યના અંજવાળે પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમે છે અને હાલમાં પ્રવુતી ચાલુ છે વિગેરે મુજબની હકીકત આધારે સદરી બાતમી વાળી જગ્યાએ જઇ રેડ કરતા જુગાર રમી રમાડતા મયુર ભવાનભાઇ મકવાણા ઉ.વ ૪૫ રહે મ.નં-બી/૦૭ ખોડીયાર નગર સોસાયટી વિભાગ-૦૨ ઇસનપુર અમદાવાદ શહેર + ૦૭ = ૦૮ નાઓને રોકડ રકમ તથા જુગાર રમવાના સાધનો સાથે મળી કુલ્લે રૂ ૯૮,૫૩૦/- ના મુદામાલ સાથે તા.૨૨/૧૧/૨૦૧૯ ના કલાક ૨૦/૪૦ વાગ્યે પકડી અટક કરી જુગાર રમી રમાડતા આરોપીઓ વિરૂદ્ધ નારોલ પો.સ્ટે સે.ગુ.ર.નં ૩૧૪૪/૧૯ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ નો ગુનો રજીસ્ટર કરી જુગારનો કેસ શોધી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

---

**(3)**

## ભારતીય બનાવટવા વિદેશી દારૂની સીલ બંધ બોટલ નંગ-૧૨ કિ.રૂ ૩૮૪૦/- ની મત્તાનો મુદ્દામાલ પકડી પ્રોહિબીશનનો કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૬ સાહેબ તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની પ્રોહિબીશનની પ્રવુતિ નેસ્ત નાબુદ કરવાની સુચના આધારે નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓ ના માર્ગદર્શન હેઠળ આજ રોજ પ્રો.પો.સ.ઇ એસ.એ.કુલધારા તથા બીજા સ્ટાફના માણસો નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૦૨/૪૦ વાગ્યે શાહવાડી ગામના નાકે આવતા પ્રો.પો.સ.ઇ એસ.એ.કુલધારાનાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે શાહવાડી પટેલ વાસમાં રહેતા રાવતારામ નાઇ તેની પાસે ગેરકાયદેસરનો પ્રોહીનો જથ્થો રાખી પટેલ વાસ થી નીકળી શાહવાડી ગામ થઇ નારોલ ગામ તરફ વેચાણ કરવા જવાનો છે જે હકીકત આધારે સદરી ઇસમની વોચમા રહી જડતી તપાસ કરવાની હોય આપ સાહેબે પો.સ્ટે નાઇટ ડ્યુટીમાં હાજર પો.કો વિજયસિંહ લાખુભા બ.નં- ૬૧૭૯ તથા રોહિતસિંહ રામસંગજી બ.નં ૧૨૫૨૬ તથા પો.કો રાજદિપસિંહ દીવાનભા બ.નં ૧૮૭ તથા તથા પો.કો. રાજેન્દ્રસિંહ દીલીપસિંહ બ.નં-૧૨૯૯૪ તથા પો.કો જયરાજસિંહ મહિપતસિંહ બ.નં ૧૩૦૨૮ નાઓને શાહવાડી ગામ ના નાકે બોલાવી બાતમી હકીકત વાળા ઇસમની વોચમા રહી પકડાયેલ ઇસમ નું નામ ઠામપુછતા પોતે પોતાનું નામ રાવતારામ સ/ઓ સોનારામ જાતે-નાઇ ઉ.વ.૨૧ રહે-પટેલ વાસ દીનેશભાઇ ભરવાડના મકાનમાં શાહવાડી નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ ઇસરોલ તા.ચોહટન જી.બાડમેર (રાજસ્થાન) નાનો હોવાનું જણાવેલ બાદ સદરી ઇસમની ઝડતી તપાસ કરતા તેની પાસેનો થેલો જોતા એક મહક સિલ્વર પાન મસાલા લખેલ થેલો હોય જે સદરી થેલાની ચેન ખોલી તેમાં જોતા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ની સિલબંધ બોટલો મળી આવેલ જે જોતા તેના પેટાળના ભાગે અંગ્રેજીમાં **Officers choice prestige whisky FOR SELL IN MADHYAPRADESH ONLY LIC** નં.**10016026000860** તથા **10014022002803** નો છે. જે **750** મીલી કાચની સીલબંધ ૧૨ બોટલ છે જે એક બોટલની કિ.રૂ ૩૨૦/- રૂ. લેખે મળી આવેલ ૧૨ બોટલની કિ.રૂ ૩૮૪૦/- તથા સદરી ઇસમની અંગ ઝડતી તપાસ કરતા શર્ટના ઉપરના ખિસ્સા માથી એક સેમસંગ કંપનીનો કાળા કલરનો મોબાઇલ મળી આવેલ જેની કિ.રૂ ૫૦૦/-ગણી કુલ્લે મુદ્દામાલ રૂ.૪૩૪૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરીઆરોપી વિરૂદ્ધ નારોલ પો.સ્ટે પ્રોહિ.ગુ.ર.નં ૫૩૦૨/ ૧૯ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબ નો ગુનો રજીસ્ટર કરી પ્રોહિબીશનનો કેસ શોધી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

(૪)

## દાણીલીમડા પોલીસ સ્ટેશન તથા નારોલ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન આધારે ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા સારૂ સર્વેલન્સ સ્કોર્ડ મ.સ.ઈ.અમૃતજી અળખાજી તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.કાનાભાઈ સુરાભાઈ નાઓને મળેલ બાતમી આધારે નારોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૦૪/૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૨૨/૧૯ ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના વોન્ટેડ આરોપી સોહીલ ખેરાતીભાઈ ઉર્ફે સલીમભાઈ જાતે મન્સુરી ઉ.વ.૧૯ રહેડી/૨૮ ચીસ્તીયા પાર્ક વટવા કેનાલ સદાની ધાબી નારોલ અમદાવાદ શહેરનાનો પોતાના ઘરે આવેલ છે. જેથી સ્ટાફના માણસો સાથે સદરીના રહેઠાણના સરનામે જઈ તપાસ કરતાં હાજર મળી આવેલ જેથી સદરી આરોપીને આજરોજ

---

તા.૨૨/૧૧/૧૯ ના કલાક ૧૯/૧૫ વાગે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.




આરોપી સોહીલ ખેરાતીભાઈ ઉર્ફે સલીમભાઈ જાતે મન્સુરી

મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

# અનૈતિક દેહ વ્યાપારની સંચાલીકા તથા ગ્રાહક સાથે કુટણખાનુ પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

આજરોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ મેઘામેટરનીટી હોસ્પિટલની સામે ખાંચામાં રેખાબેન નામની મહિલા કુટણખાનુ ચલાવે છે તેમજ હાલ ચાલુ છે. તેવી હકીકત આધારે અમો તથા બે પંચોના માણસો તથા સર્વે. સ્કોડના પો.સબ. ઇન્સ. આર.ડી.જાડેજા તથા એ.એસ.આઈ. છબાભાઈ છગાભાઈ બ.નં.૩૬૭૦ તથા મ.સ.ઈ.દિનેશભાઈ મિઠાલાલ બ.નં.૭૬૧૧ તથા મ.સ.ઈ.આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ તથા પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬ તથા વુ.લો.ર. પ્રીતીબેન સુખદેવભાઈ બ.નં.૧૦૫૫૧ તથા વુ.લો.ર.ભુમિકાબેન મોહનભાઈ બ.નં.૧૦૬૫૬ નાઓ સાથે સદરી જગ્યાએ રેડ કરતા કુટણખાનુ ચલાવનાર મહિલા સંચાલક (૧) રેખાબેન વા/ઓ નિર્મલસિંહ તખતસિંહ જાતે ઝાલા ઉ.વ.૩૦ રહે.ઈ/૦૦૧ ગોવર્ધન એંક્લીવ ફ્લેટ, અમરજ્યોત સ્કુલ પાસે, મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-બાળગંગા ખાર્ચા ૧૩/૨ ગોવિંદનગર ખાર્ચા ઈન્દોર સીટી તેમજ (૨) નગ્મા વા/ઓ યુસુફભાઈ નાસીરખાન જાતે- પઠાણ ઉ.વ.૩૦ રહે. શાહઆલમ દરવાજા પાસે શાહઆલમ અમદાવાદ શહેર તથા ગ્રાહક (૩) હર્ષકુમાર કનુભાઈ જાતે પટેલ ઉ.વ.૨૨ રહે.૧૩,આલોક ટેનામેન્ટ સેન્ટ્રલ વર્કશોપ મહેશ્વરી રોડ વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓ મળી આવતા તેઓના વિરૂધ્ધમા મેઘાણીનગર પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૪૯૫/૧૯ ધી ઈમોરલ ટ્રાફીક પ્રીવેન્શન એક્ટ ૧૯૫૬ ની કલમ ૩(૧)(૨)(ક)(ખ), ૪(૧), ૫(૧)(ક)(ખ), ૭(૧)(ખ), ૧૧ મુજબ અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. તા.૨૧/૧૧/૧૯

## આરોપીઓના નામ સરનામા

(૧) રેખાબેન વા/ઓ નિર્મલસિંહ તખતસિંહ જાતે ઝાલા ઉ.વ.૩૦ રહે.ઈ/૦૦૧ ગોવર્ધન એંક્લીવ ફ્લેટ, અમરજ્યોત સ્કુલ પાસે, મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-બાળગંગા ખાર્ચા ૧૩/૨ ગોવિંદનગર ખાર્ચા ઈન્દોર સીટી

(૨) નગ્મા વા/ઓ યુસુફભાઈ નાસીરખાન જાતે- પઠાણ ઉ.વ.૩૦ રહે. શાહઆલમ દરવાજા પાસે શાહઆલમ અમદાવાદ શહેર

(૩) હર્ષકુમાર કનુભાઈ જાતે પટેલ ઉ.વ.૨૨ રહે.૧૩,આલોક ટેનામેન્ટ સેન્ટ્રલ વર્કશોપ મહેશ્વરી રોડ વસ્ત્રાલ અમદાવાદ શહેર

(૪) હાજર નહી મળી મળેલ મકાન માલીક સંજનાબેન વા/ઓ મહાવીરપ્રસાદ જાતે- જાંગીડ હાલ રહે.મીના બજારની બાજુમાં મકાન નં.૮૧ કેશવબાગ સોસાયટી મેઘાણીનગર અમદાવાદ શહેર

**ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :**

## મો.સા તથા મોબાઇલની ચોરી કરતા ઇસમને મુદામાલ સાથે પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે **પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના ગા.હવેલી પો.સ્ટે** નાઓના સીધા માર્ગદર્શન હેઠળ **સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સાહેબ** તથા સ્ટાફના માણસો ગા.હવેલી પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા જમાલપુર ફાયર સ્ટેશન પાસે આવતા સાથેના અ.હે.કો અમુલભાઇ પ્રેમજીભાઇ બ.નં.પ૨૯૯ તથા અ.પો.કો વિજયભાઇ કાનજીભાઇ બ.નં.૧૩૦૮૦ નાઓએ મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વોચ ગોઠવી આરોપી નામે બુરહાન બસીરભાઇ મેમણ ( સાવાણી ) ઉ.વ.૩૭ ધંધો.છુટક મજુરી રહે. મ.નં.૩૦૫, ત્રીજો માળ, અલ-કુબા ફ્લેટ, એવરગ્રીન હોટલની ગલીમાં, નારોલ, અમદાવાદ શહેર તથા મુળ વતન- બારપુરી રબ્બાની કોલોની પહેલા માળે મુ.તા-ધોરાજી જી.રાજકોટ વાળાને એક મો.સા જે હીરો કંપનીનુ સ્પ્લેન્ડર મોડલનુ સીલ્વર કલરનુ જેનો R.T.O નં- GJ-27-BR-0163 નો તથા ચેચીસ નં-MBLHAR081H5H03991 તથા એન્જીન નં- HA10AG5H05887 નો જેથી આશરે કિ.રૂ.૨૫,000/- ની મતા નુ તથા એક સેમસંગ કંપનીનો જે-૪ મોડલનો ગોલ્ડન કલરનો જેનો IMEI નં-૩૫૮૩૦૨૦૯૧૯૩૬૭૨૨ તથા ૩૫૮૩૦૩૦૯૧૯૩૬૭૨૦ નો જેની આશરે કિ.રૂ.૫000/- ની મતાની ગણી જે કુલ્લે મુદામાલ રૂ.૩૦,000/- ની મતા સાથે આજ રોજ તા-૨૨/૧૧/૨૦૧૯ ના કલાક-૧૮/૧૫ વાગ્યે સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ અટક કરી મો.સા ચોરી બાબતે દાણીલીમડા પો.સ્ટે દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૧૨૪/૧૯ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબનો ગુન્હો શોધી કાઢી સદરી આરોપીને દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામા આવેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.